# માર્ગદર્શન અને પ્રજ્ઞાન

## આનંદમય જન્મદિવસના ઉપલક્ષમાં પ્રસ્તુત
## શ્રીગુરુમાઈ સાથે કેટલાક પ્રસંગો

### શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

*લીલાવતી સ્ટુઅર્ટ સટ્ક્લિફ*

થોડાં વર્ષો પહેલાં હું મારા પરિવાર સાથે ગુરુદેવ સિદ્ધપીઠ ગઈ હતી. મારા નિવાસ દરમ્યાન મને શ્રીગુરુમાઈ તરફથી એક સુંદર કાર્ડ મળ્યું. એ મારા જીવનનો એવો સમય હતો જ્યારે હું પરિવર્તન અને પડકારનો સામનો કરી રહી હતી અને ગુરુમાઈજી મારી મુશ્કેલીઓ વિશે જાણતાં હતાં. એ કાર્ડની અંદર ગુરુમાઈજીએ લખ્યું હતું : "જ્યારે સંસાર અંધકારમય લાગે ત્યારે મહાન આત્માઓના શબ્દો નિશ્ચિતપણે વ્યક્તિના મનના અંધારા ખૂણાઓને પ્રકાશથી ભરી દે છે." ગુરુમાઈજીના શબ્દો મારા હૃદયને સ્પર્શી ગયા અને એ શબ્દોએ મારા વિચારો અને ભાવનાઓ પ્રત્યે મારો દૃષ્ટિકોણ બદલી નાખ્યો. મેં જોયું કે જ્યારે મને કોઈક વિશેષ પરિસ્થિતિ વિશે નિરાશાજનક વિચારો આવતા કે દુઃખની લાગણી થતી ત્યારે હું એવા વિશિષ્ટ ઉદ્દેશ્ય સાથે ગુરુમાઈજીનાં પુસ્તકો અને સિદ્ધયોગ પથના અન્ય મૂળભૂત ગ્રંથોને વાંચતી કે તે મારી અંતર્દૃષ્ટિના "અંધારા ખૂણાઓને પ્રકાશથી ભરી દે".

જ્યારે પણ હું આમ કરું છું ત્યારે મને અચૂકપણે અનુભવ થાય છે કે મેં મારા મનને પ્રકાશથી ભરી દીધું છે. હું જે પરિસ્થિતિઓ સાથે લડી રહી હોઉં છું, તેના વિશે વિચારવા અને તેને સમજવા માટે વધારે સારી જ્ઞાનપ્રદ રીતોને મેં શોધી કાઢી છે. જ્યારે હું કોઈ ખાસ પરિસ્થિતિ વિશે માર્ગદર્શન મેળવવા માટે પુસ્તક વાંચું છું ત્યારે મને લાગે છે કે હું સાચે જ સત્યના પ્રકાશમાં મારા મનને સાફ કરી રહી છું. વાંચન અને મનન કર્યા પછી, જ્યારે હું પુસ્તક કે કોમ્પ્યુટરના સ્ક્રીન પરથી મારી આંખોને હટાવું છું ત્યારે બધું જ વધુ હળવું અને વધુ સ્પષ્ટ લાગે છે. નિરાશા દૂર થઈ જાય છે. કેટલી રાહત મળે છે!

હાલમાં જ, હું મારા બીમાર પિતાજી સાથે થોડો સમય વિતાવવા ગઈ હતી, જેઓ ખૂબ જ ઉદાસ હતા. બીમાર થયા પછી અમે પિતાજીને એક એવા સારવાર કેન્દ્રમાં લઈ ગયા જ્યાં તેમને વધારે સારી સંભાળ અને સહાય મળી શકે. એક સશક્ત અને સ્વતંત્ર વ્યક્તિમાંથી તેઓ શારીરિક રીતે નબળા થઈ ગયા હતા, અને તેમના ઘણા અવયવો પર તેમનો કાબૂ નહોતો રહ્યો તેથી તેઓ ચિંતિત હતા. જ્યારે તેઓ પોતાનાં દુઃખ અને પીડા વિશે કહી રહ્યા હતા ત્યારે મેં તેમને પૂછ્યું કે શું હું તેમના માટે એક કવિતા વાંચું? તેમણે હા પાડી, તો મેં તરત જ મારા મોબાઇલ ફોનમાં ગુરુમાઈજીની કવિતા "સાક્ષીભાવ"ને શોધી, જે સિદ્ધયોગ પથ વેબસાઇટ પર પ્રકાશિત થઈ હતી. કવિતાના થોડા શબ્દો વાંચ્યા પછી હું જોઈ શકતી હતી કે પિતાજીનો ચહેરો, જે પહેલાં તાણયુક્ત દેખાતો હતો, તે હવે તાણમુક્ત થઈ ગયો હતો. મેં જોયું કે તેમના ચહેરા પર એક સ્મિત આવી ગયું હતું. આખી કવિતા વાંચ્યા પછી પિતાજી શાંતિનો અનુભવ કરી રહ્યા હતા અને હવે તેઓ સહેજ પણ વ્યાકુળ નહોતા. મેં

તેમને પૂછ્યું કે શું હું કવિતા ફરીથી વાંચું, તો તેમણે કહ્યું, “હા, બિલકુલ.” જ્યારે મેં એ કવિતા ફરીથી વાંચી ત્યારે ફરીથી પિતાજીનો ચહેરો ચમકી ઊઠ્યો અને મેં જોયું કે તેઓ અંતરમાં એક એવા સ્થાનમાં જઈ રહ્યા હતા જે વધારે શાંતિપૂર્ણ હતું. મારા પિતાજીને રાહતનો અનુભવ કરતા જોવા એ મારા માટે ખૂબ જ હૃદયસ્પર્શી હતું.

મેં એ પણ જોયું કે જેમજેમ હું ગુરુમાઈજીના શબ્દો વાંચતી ગઈ, તેમતેમ પિતાજીની પરિસ્થિતિને જોવા-સમજવાની મારી રીતમાં પણ પરિવર્તન આવતું ગયું. જ્યારે હું તેમને પહેલીવાર મળી ત્યારે મારું મન અત્યંત નિરાશ થઈ ગયું હતું અને તેમની એ હાલત જોઈને હું ખૂબ જ દુ:ખી થઈ ગઈ હતી. જેમજેમ હું વાંચી રહી હતી અને પિતાજી સાંભળી રહ્યા હતા, મારી મનોદશા બદલાતી ગઈ અને હું મારા પિતાજીના જીવનમાં જે કંઈ થઈ રહ્યું હતું એના પ્રત્યે એક શાંત સ્વીકૃતિનો અનુભવ કરવા લાગી. મારું ધ્યાન એ વાત પર વધારે જવા લાગ્યું કે અમારા બંનેના અંતરમાં શું ઘટિત થઈ રહ્યું છે : અમે અમારાં હૃદય સાથે જોડાણની અનુભૂતિ કરી રહ્યાં હતાં.

દરરોજ, જ્યારે હું તેમને મળવા જતી, હું તેમના માટે ગુરુમાઈજીની કવિતા વાંચતી. અને દરેક વખતે પિતાજીનો ચહેરો ચમકી ઊઠતો, સાંભળતાં-સાંભળતાં તેઓ સ્મિત કરતા અને અમુક પંક્તિઓ પર અભિસ્વીકૃતિ અને અભિજ્ઞાનમાં હુંકારનો અવાજ કરતા. હું જોઈ શકતી હતી કે જેમજેમ પિતાજી ગુરુમાઈજીની કવિતામાં તેમણે આપેલા નિર્દેશોનું પાલન કરતા તેમતેમ તેમના જીવનમાં પ્રકાશ પ્રસરી રહ્યો હતો. મેં એ પણ જોયું કે ગુરુમાઈજી પોતાની કવિતામાં, “…મુક્ત થઈ જાઓ. તમારા શરીરને તાણમુક્ત થઈ જવા દો.” એમ કહીને જે આમંત્રણ આપી રહ્યાં હતાં તેને પિતાજી સ્વીકારી રહ્યા હતા. તેઓ પોતાના જીવનના આ અંતિમ તબક્કામાં, આ અત્યંત કષ્ટદાયી પરિસ્થિતિમાં પણ શીખી રહ્યા હતા કે કેવી રીતે પોતાના અંતરમાં વિદ્યમાન શાંતિ સુધી પહોંચી શકાય. જ્યારે હું ગુરુમાઈજીના શબ્દો વાંચતી ત્યારે પિતાજી અને હું, અમે બંને વિચારતાં કે ગુરુમાઈજી શું કહી રહ્યાં છે; લાંબા સમય સુધી અમે બંને મૌન રહેતાં, શાંતિ અને પ્રકાશના સુંદર સ્થાનમાં એકસાથે રહેતાં — એક એવું સ્થાન જ્યાં કોઈ દુ:ખ નથી.

આ મુલાકાતોનાં થોડાં અઠવાડિયાં પછી મારા પિતાજીનું નિધન થઈ ગયું. મને ત્યારે પણ ખબર હતી અને અત્યારે પણ ખબર છે કે ગુરુમાઈજીના શબ્દો સાંભળીને અને તેના પર ચિંતન કરીને, મારા પિતાજીને શ્રીગુરુમાઈની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત થયાં હતાં. તેમના જીવનના અંતિમ સમયમાં, પિતાજી તેમના પોતાના હૃદયની પ્રશાંતિમાં વિશ્રામ કરીને તેમના અંતરમાં શાંતિનો અનુભવ કરી શક્યા.

આ વિશ્વમાં ગુરુમાઈજીની ઉપસ્થિતિ માટે હું અત્યંત કૃતજ્ઞ છું. હું ઇચ્છું છું કે દરેક વ્યક્તિને ગુરુમાઈજીના એ જીવંત શબ્દો વાંચવાનું અને સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય, જે નિશ્ચિતરૂપે તેમની કૃપા અને આશીર્વાદ પ્રદાન કરે છે.

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨

*ગરિમા બોરવણકર*

હું નાની હતી ત્યારે અમે ભારતના લખનઉ શહેરમાં રહેતાં હતાં. બાળપણમાં હું ખૂબ જ શાંત અને શરમાળ હતી. જેમજેમ હું મોટી થતી ગઈ, મારો સ્વભાવ વધુને વધુ સંકોચશીલ અને શરમાળ થતો ગયો. મને યાદ છે કે મને કોઈપણ પરિસ્થિતિમાં એ ડર રહેતો કે કોઈનું ધ્યાન મારા પર ન પડે. આ સંકોચશીલ અને શરમાળ સ્વભાવની પકડમાંથી કેવી રીતે મુક્ત થવું એ મને સમજાતું નહોતું.

વર્ષ ૧૯૮૪માં, જ્યારે હું એક યુવા હતી ત્યારે હું મારી બેન, વાણી અગ્રવાલ સાથે ગુરુદેવ સિદ્ધપીઠમાં લાંબા સમય માટે વિઝિટિંગ સેવાકર્તા હતી. ગુરુદેવ સિદ્ધપીઠમાં અન્ય સેવાકર્તાઓની સાથે વાતચીત કરતી વખતે અથવા મળતી વખતે હું ઘણી સહજતાનો અનુભવ કરતી હતી; બધાં લોકો ઘણી ઉદારતાપૂર્વક વ્યવહાર કરતાં હતાં.

એક સાંજે, મને એક સત્સંગમાં સૂત્રધારની સેવા કરવા માટે આમંત્રણ મળ્યું જે બીજે દિવસે સવારે થવાનો હતો. મેં વિચાર કર્યા વગર જ વધારે સેવા કરવાના આ અવસરને તરત જ સ્વીકારી લીધો!

પછી મને ખ્યાલ આવ્યો કે મેં આ શું કરી નાખ્યું. નહીં! નહીં! બધાંની સામે બોલવાનું! મારા પેટમાં ચિર-પરિચિત આંટીઓ પડવા લાગી. જ્યારે મેં કલ્પના કરી કે હું અગણિત લોકોની સામે ઊભી થઈને બોલી રહી છું તો મારો ગભરાટ વધવા લાગ્યો. પરંતુ મારી પાસે આ લાગણીમાં વહેવા માટે સમય ન હતો. મારે મારા કોચ સાથે આવતીકાલ સવારની તૈયારી પર ધ્યાન આપવાનું હતું. મેં એ સમજને યાદ રાખી કે સેવા અર્પિત કરવાનો કોઈપણ અવસર મહાન સદ્‌ભાગ્યની વાત છે અને મારી સેવાના અભ્યાસ દ્વારા મને શ્રીગુરુમાઈની કૃપાના જે પ્રત્યક્ષ અને રૂપાંતરણકારી અનુભવો થયા હતા, તેને પણ મેં યાદ કર્યા. મને શ્રીગુરુમાઈની કૃપા અને આશીર્વાદમાં ઊંડી શ્રદ્ધા હતી. તેથી તૈયારી કરતી વખતે મેં ગુરુમાઈજીને બહુ પ્રાર્થના કરી.

બીજે દિવસે સવારે હું ગુરુચોકમાંથી પ્રોગ્રામિંગ ઑફિસ તરફ જઈ રહી હતી. પ્રોગ્રામિંગ ઑફિસને હવે લાઇવ ઇવેન્ટ્સ વિભાગ કહેવામાં આવે છે. હું 'ૐ નમઃ શિવાય' મંત્રનો જપ કરતાં-કરતાં જઈ રહી હતી. તે વખતે મેં ગુરુમાઈજીને બાબા મુક્તાનંદના સમાધિ મંદિરની બહાર ઊભેલાં જોયાં. તેમને જોઈને હું ખૂબ ખુશ થઈ ગઈ! મેં ગુરુમાઈજીને પ્રણામ કર્યા અને તેમનું અભિવાદન કર્યું.

ગુરુમાઈજીએ મને પૂછ્યું કે હું ક્યાં જઈ રહી છું. મેં કહ્યું કે હું પ્રોગ્રામિંગ ઑફિસમાં જઈ રહી છું. પછી મેં ગુરુમાઈજીને કહ્યું કે એ દિવસના સત્સંગમાં સૂત્રધારની સેવા કરવામાં મને બહુ ગભરાટ થઈ રહ્યો છે અને મને તેમના આશીર્વાદ જોઈએ છે. ગુરુમાઈજીના ચહેરા પર પ્રેમ અને સ્નેહ ભરેલું મોટું સ્મિત આવી ગયું. તેમણે મને પૂછ્યું કે મને કેવું લાગી રહ્યું છે. મેં તેમને કહ્યું કે મને પેટમાં કંઈક થઈ રહ્યું છે, જાણે કે પેટમાં આંટીઓ પડી રહી હોય.

એ જ સુંદર સ્મિત સાથે ગુરુમાઈજી તેમનો હાથ મારા પેટ પર ફેરવવા લાગ્યાં. હાથ ફેરવતાં-ફેરવતાં તેમણે મને કહ્યું, "આ ગભરાટ નથી. આ તો શક્તિ છે જે તારી અંદર પોતાની ઉપસ્થિતિનો અનુભવ કરાવી રહી છે. એ

તને સહાય કરવા માટે છે. વિશ્વાસ રાખ. બધું સારું થશે.'' મારા ચહેરા પર સ્મિત આવી ગયું. મારી અંદરનો ખળભળાટ શાંત પડવા લાગ્યો અને હું મારી અંદર આનંદનો અનુભવ કરવા લાગી. ગુરુમાઈજીએ તેમનો હાથ મારા ખભા પર મૂક્યો અને કહ્યું, ''હવે જા. તને મોડું ન થઈ જાય.'' મેં હાથ જોડીને પ્રણામ કર્યા અને ઝડપથી પ્રોગ્રામિંગ ઑફિસ તરફ ચાલવા લાગી. આ અમૂલ્ય ક્ષણોમાં બધું જ બદલાઈ ગયું હતું. મારું હૃદય પ્રેમથી ભરાઈ ગયું અને મારા દરેક પગલાની સાથે મારો આત્મવિશ્વાસ વધી રહ્યો હતો.

સત્સંગમાં સંચાલકની સેવાનો અનુભવ ખૂબ જ આનંદપૂર્ણ હતો. મારા હૃદયનો પ્રેમ બહાર છલકાઈ રહ્યો હતો. હું પોતાને ઓળખી જ નહોતી શકતી. હું આશ્ચર્યચકિત હતી!

તે દિવસ પછી, મેં ઘણા બધા સત્સંગો અને કાર્યક્રમોમાં સંચાલન અને ભાષાંતર કર્યું છે. અને જ્યારે પણ હું કોઈ એવી પરિસ્થિતિમાં હોઉં જેમાં મારા પેટમાં આંટીઓ પડવા લાગે તો હું ગુરુમાઈજીના એ શબ્દોને યાદ કરું છું. હું શક્તિની ઉપસ્થિતિને ઓળખી શકું છું. એ શક્તિનો અનુભવ હું પ્રેમ અને આનંદના રૂપે કરું છું અને મને ખબર હોય છે કે બધું બરાબર થશે.

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૩

### *લીલાવતી સ્ટુઅર્ટ*

વર્ષ ૧૯૮૩ના ઉનાળામાં જ્યારે હું ૨૧ વર્ષની હતી, હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં સેવા અર્પિત કરવા માટે ગઈ હતી. મેં મારું હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ પૂરું કર્યું હતું પણ મને કોલેજમાં જવાની ઇચ્છા નહોતી. હું ઇચ્છતી હતી કે મારું જીવન જ મારી કોલેજ હોય! પરંતુ હું જાણતી નહોતી કે પૈસા કમાવા માટે મારે કયું કામ કરવું છે. મને એમ લાગતું હતું કે મારું મન ક્યારેક એક તરફ તો ક્યારેક બીજી તરફ ભટકી રહ્યું છે; તે મારા માટે બહુ બેચેનીનો સમય હતો.

એક દિવસ સાંજે સત્સંગ પહેલાં, શ્રીગુરુમાઈ અનુગ્રહમાં નિત્યાનંદ મંદિરની પાસે કેટલાંક લોકોને મળી રહ્યાં હતાં. હું પાસે જ ઊભી હતી. હું જ્યાં ઊભી હતી તે સ્થાન મને એટલી સારી રીતે યાદ છે કે જાણે એ કાલની જ વાત હોય.

હું જ્યારે ત્યાં ઊભી રહીને ગુરુમાઈજીને જોઈ રહી હતી ત્યારે મારા મનમાં એ ઇચ્છા થઈ કે કાશ મને મારા ભવિષ્ય વિશે સ્પષ્ટતા મળે. એ જ સમયે, ગુરુમાઈજી મારી તરફ ફર્યાં અને તેમણે મને આગળ આવવા માટે કહ્યું.

ગુરુમાઈજીએ મને કહ્યું કે તેઓ જાણે છે કે હું કંઈક યોગદાન આપીને મારા જીવનના માધ્યમથી કંઈક પરિવર્તન લાવવા માંગું છું. ગુરુમાઈજીએ કહ્યું કે સફળ થવા માટે હું જે પણ કરી રહી છું, તેમાં મારે ૧૦૦ પ્રતિશત આપવું પડશે. અને આ ૧૦૦ પ્રતિશત આપવાની વાત મારા જીવનનાં બધાં ક્ષેત્રોમાં લાગુ થવી જોઈએ : મારા

પરિવારમાં, સંબંધોમાં, ભણવામાં, મારા કાર્યમાં અને મારી સેવામાં. જો હું ૧ પ્રતિશત આપીશ તો મને ૧ પ્રતિશત જ પાછું મળશે. ગુરુમાઈજીએ કહ્યું કે હું આ વાત પર વિચાર કરું!

જ્યારે હું ગુરુમાઈજીને સાંભળી રહી હતી ત્યારે હું પૂરીરીતે જાણતી હતી કે આ માર્ગદર્શન મારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મને લાગ્યું કે મારા પગ જમીન પર મજબૂતીથી જામી રહ્યા છે જાણે કે તે મને ત્યાં જ સ્થિર કરી રહ્યા હોય. હવે મારામાં ભટકવાનો કોઈ ભાવ ન હતો. મને યાદ છે કે પછી હું વિચારી રહી હતી કે મારું શરીર કેટલું બુદ્ધિમાન છે કે શ્રીગુરુમાઈના શબ્દો સાંભળીને તે ત્યાં જ સ્થિર થઈ ગયું.

ગુરુમાઈજીના માર્ગદર્શન પર ચિંતન કરવા માટે સાંજે હું મારા રૂમમાં ગઈ. મેં વિચાર્યું, *કોઈ કાર્યને ૧૦૦ પ્રતિશત આપવું તો સહેલું હોવું જોઈએ!* પણ પછી મારા મનમાં વિચાર આવ્યો, *૧૦૦ પ્રતિશત આપવાનો ખરેખર શું અર્થ છે? હું ક્યાંથી અને કેવી રીતે શરૂઆત કરું?* થોડી જ વારમાં હું ૧૦૦ પ્રતિશત આપવું સહેલું હોવું જોઈએ એવું કહેવાને બદલે પોતાને કહેવા લાગી કે આ કામ તો ઘણું મોટું છે! પણ મારા પોતાના અને બીજાં લોકોના અનુભવોને સાંભળીને હું જાણતી હતી કે ગુરુમાઈજી મને એવી કોઈપણ વસ્તુ કરવા માટે નહીં કહે જેને હું ન કરી શકું. હું જાણતી હતી કે ગુરુમાઈજીના માર્ગદર્શનનું પાલન કરવામાં મારી સહાય કરવા માટે, તેમની કૃપા હંમેશાં મારી સાથે રહેશે.

મારી ચિંતા પર વિચાર કરતા રહેવાને બદલે મેં નિશ્ચય કર્યો કે હું ગુરુમાઈજીના શબ્દો પર ધ્યાન કરીશ અને તેમના માર્ગદર્શનને કોમળતાથી હૃદયમાં ધારણ કરીશ, હું બસ તેમના શબ્દોની સાથે રહીશ. અને પછી મને આ વિચાર આવ્યો : હવે મારે જે પણ કાર્ય કરવાનું છે તેમાં હું મારા ૧૦૦ પ્રતિશત એકાગ્ર રહેવાનું શરૂ કરીશ. મારે હવે જે પહેલું કાર્ય કરવાનું હતું, એ હતું બ્રશ કરવું. તેથી રોજની જેમ બ્રશ કરવાને બદલે એટલે કે એક કામ પૂરું કરવા ખાતર બ્રશ કરવાને બદલે, મેં દાંતોને ધ્યાનથી અને સારી રીતે સાફ કર્યા. ત્યારપછી મેં મારાં કપડાંને ગડી વાળીને અલગ મૂક્યાં, નહીં કે ખુરશી પર તેનો ઢગલો કર્યો. પછી જ્યારે હું સવારે જાગી ત્યારે કામળાને ગાદલાં પર ફેંકવાને બદલે મેં મારી પથારીને વ્યવસ્થિત કરી. અને આ રીતે, મેં દરેક કાર્યને ૧૦૦ પ્રતિશત આપવાનું શરૂ કરી દીધું.

જ્યારે હું મેલબોર્ન, ઑસ્ટ્રેલિયામાં મારા ઘરે પાછી આવી તો મેં મારા જીવનના દરેક ક્ષેત્રમાં ગુરુમાઈજીના માર્ગદર્શનનું પાલન કરવાનું ચાલુ રાખ્યું. દાખલા તરીકે, હું એક સારા રેસ્ટોરન્ટમાં વેઈટ્રેસની નોકરી કરતી હતી ત્યાં ફરીથી નોકરી કરવા લાગી. પહેલાં હું ખાંડની ખાલી વાટકી પાસેથી પસાર થતી તો મનમાં વિચારતી, *બીજું કોઈ તેને ભરી દેશે.* અથવા તો મીઠા અને મરીની ડબ્બી પર કોઈની આંગળીથી પડેલા ડાઘા જોતી તો વિચારતી, *જવા દો; કોઈ તેને નહીં જુએ!*

પરંતુ હવે જ્યારે હું આવી વસ્તુઓને જોતી તો હું તેને મારા ૧૦૦ પ્રતિશત આપતી. હું ખાંડની ખાલી વાટકીઓને ભરી દેતી તેમજ મીઠા અને મરીની ડબ્બીને સાફ કરી દેતી; બાથરૂમમાં પેપર નેપ્કિન બદલી નાખતી. અને આ બધું આમ જ ચાલતું રહ્યું.

આ નોકરીના લગભગ છ મહિના પછી, એક દિવસ રેસ્ટોરન્ટના માલિકોએ મને બોલાવીને કહ્યું કે તેઓ મારા કામને જોઈ રહ્યા હતા. તેમણે આવા નિષ્ઠાવાન કર્મચારી ક્યારેય નથી જોયા; તેમને વિશ્વાસ જ નહોતો થતો કે

હું વેઇટ્રેસના આવા કંટાળાજનક કામને કોઈના કહ્યા વિના કરી રહી હતી! પણ હું જાણતી હતી કે તેઓ મારા કામમાં ગુરુમાઈજીના માર્ગદર્શનને જોઈ રહ્યા હતા!

પછી તેમણે મારી સમક્ષ મેનેજર બનવાનો પ્રસ્તાવ મૂક્યો, જેને મેં ખુશીથી સ્વીકારી લીધો. તેના ચાર-પાંચ મહિના પછી, તેમણે મારી સમક્ષ ઇવેન્ટ્સ મેનેજર બનવાનો પ્રસ્તાવ મૂક્યો, જેને મેં સ્વીકારી લીધો અને બીજા પાંચેક મહિના પછી તેમણે મારી સમક્ષ તેમની નવી હોટલમાં ભાગીદાર બનવાનો પ્રસ્તાવ મૂક્યો.

જો કે તે સમયે મેં ભાગીદારીમાં વ્યવસાય કરવાની તકનો સ્વીકાર કર્યો નહોતો પરંતુ સમય જતાં હું મારો પોતાનો એક સફળ વ્યવસાય ચલાવવા લાગી. અને આટલાં વર્ષોમાં મેં મારા જીવનનાં ઘણાં બધાં ક્ષેત્રોને સુવિકસિત થતાં જોયાં છે. હું જાણું છું કે આ બધી સફળતા જેનો મેં અનુભવ કર્યો છે, તે ગુરુમાઈજીના એ માર્ગદર્શનનું પાલન કરવાનું જ ફળ છે કે હું મારા ૧૦૦ પ્રતિશત આપું.

ધન્યવાદ, ગુરુમાઈજી.

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૪

*વાણી અગ્રવાલ*

૧૯૮૦ના દાયકામાં હું ગુરુદેવ સિદ્ધપીઠમાં એક ગુરુકુળ વિદ્યાર્થી હતી. હું ગુરુકુળ જીવનની દરેક ક્ષણનો પૂરેપૂરો આનંદ લેતી હતી. મને સિદ્ધયોગ અભ્યાસો — શ્રીગુરુગીતાનો પાઠ, ધ્યાન, સેવા વગેરે નિયમિતરૂપે કરવાનું બહુ ગમતું હતું અને હું દરરોજ સવારે ઊઠીને મારા દિવસની શરૂઆત કરવા માટે ઉત્સુક રહેતી.

અને પછી એક દિવસ અચાનક જ મારા મનમાં તર્કવિતર્ક ઊઠવા લાગ્યા. ઘણી બધી શંકાઓ, ઘણા બધા પ્રશ્નો મારા મનમાં ઊઠવાં લાગ્યાં : હું આશ્રમમાં કેમ છું? ગુરુતત્ત્વ શું છે? હું શું કરી રહી છું? ગુરુ કોણ છે? કંઈ પણ સત્ય લાગતું ન હતું — કંઈ પણ નહીં.

આ મારા માટે અત્યંત દુઃખદાયી હતું. મારા હૃદયમાં હું જાણતી હતી કે શ્રીગુરુમાઈ મારાં ગુરુ છે અને આ મારો પથ છે. મને અનેક રૂપાંતરણકારી અનુભવો થયા હતા. હું જાણતી હતી કે આ ફક્ત મારા મનનો ખેલ છે — અહંકાર તેની શક્તિનું પ્રદર્શન કરી રહ્યો હતો. તેમ છતાં હું મારા મનને સાંભળવા લાગી; હું આ બધા પ્રશ્નોથી પ્રભાવિત થવા લાગી.

ત્રણ મહિના થઈ ગયા, હવે બસ, મારાથી વધારે સહન નહોતું થતું. મેં મનમાં જ ગુરુમાઈજીને કૃપા માટે પ્રાર્થના કરી કે તેઓ મારા મનને શાંત કરે. મેં તેમને મદદ માટે પ્રાર્થના કરી, જેથી હું મારા મનની બકબકથી છુટકારો મેળવી શકું.

બે-ત્રણ દિવસ પછી જ્યારે હું અન્નપૂર્ણાના ડાઈનિંગ હૉલની અંદર જઈ રહી હતી ત્યારે મેં ગુરુમાઈજીને હૉલના પાછલા ભાગમાં પગથિયાં પર બેઠેલાં જોયાં. તેઓ ત્યાં એકલાં જ હતાં. હું નજીક જઈને ઊભી રહી ગઈ.

ગુરુમાઈજીએ મારી તરફ જોયું અને કહ્યું, "कुछ कहना है?" "કંઈક કહેવું છે?" મેં માથું હલાવીને હા પાડી. પછી હું તેમની પાસે ગઈ, પ્રણામ કર્યા અને તેમનાં ચરણો પાસે બેસી ગઈ. છેલ્લા ત્રણ મહિનાથી મારા મનમાં જે કંઈ પણ ચાલી રહ્યું હતું, મારી શંકાઓ, મારા બધા પ્રશ્નો, તે બધું જ મેં ગુરુમાઈજીને કહ્યું. મેં કંઈ પણ છુપાવ્યું નહીં.

ગુરુમાઈજીએ મારી બધી વાત ધ્યાનથી સાંભળી... અને પછી તેઓ ખડખડાટ હસવા લાગ્યાં. તેઓ ખૂબ ખૂબ હસ્યાં અને હસતાં જ રહ્યાં. અચાનક તેમના આનંદપૂર્ણ હાસ્યમાં હું પણ જોડાઈ ગઈ અને હસવા લાગી. ગુરુમાઈજીએ કહ્યું, "તને 'નેતિ-નેતિ'નો મહાન અનુભવ થઈ રહ્યો છે. વેદાંત કહે છે, 'આ સત્ય નથી, તે સત્ય નથી.' કંઈ પણ સત્ય નથી."

ગુરુમાઈજીએ ખૂબ જ કરુણા અને સૌમ્યતાથી મારા તરફ જોયું અને કહ્યું, "બધું બરાબર છે. જા આરામ કર. તારે આરામની જરૂર છે." અને પછી તેઓ ચાલ્યાં ગયાં. મારે મારી ઑફિસમાં કંઈક કામ પૂરું કરવાનું હતું, તેથી મેં વિચાર્યું, *હું મારી ઑફિસે જઈને મારું કામ પૂરું કરીશ અને પછી મારા રૂમમાં જતી રહીશ.*

થોડા કલાક પછી જ્યારે હું મારી ઑફિસમાંથી બહાર નીકળી રહી હતી ત્યારે ગુરુમાઈજી ત્યાં જ ઊભાં હતાં અને કોઈકની સાથે વાત કરી રહ્યાં હતાં. મને જોઈને તેમણે પૂછ્યું, "તું આરામ કરવા ના ગઈ?" તેમણે મારા તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોયું અને કહ્યું, "જ્યારે ગુરુ આદેશ આપે છે તો એ જ સમયે તેનું પાલન કરો."

હું મારા રૂમમાં ગઈ. ત્યારે સાંજના ચાર વાગ્યા હતા. મેં મારા રૂમના બધા પડદા બંધ કરી દીધા અને સૂઈ ગઈ. મને તરત જ ઊંઘ આવી ગઈ અને બીજે દિવસે સવારે જાગી ત્યારે હું તાજગી અને સ્ફૂર્તિથી ભરેલી હતી. મને લાગ્યું કે જાણે હું કોઈ જુદી જ વ્યક્તિ છું. મારી બધી શંકાઓ અદૃશ્ય થઈ ગઈ હતી. એવું લાગતું હતું જાણે કે ત્રણ મહિનાઓ ક્યારેય હતા જ નહીં.

મેં મારી પૂજામાં ગુરુમાઈજીના ફોટા સામે જોયું અને મારું હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ ગયું. મેં ગુરુમાઈજીના પ્રેમ અને તેમની કરુણાનો એકદમ પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો.

ધન્યવાદ, ગુરુમાઈજી.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.